# સંગઠન વિશેનો એક વિચાર

સમાજનાં સર્વાંગી વિકાસ માટે સ્વૈચ્છિક સંગઠનોનું એક આગવું યોગદાન રહ્યુ છે. જ્યાં સરકારી સંસ્થાઓ નિષ્ફળ કે ઓછી સફળ રહી છે ત્યાં સરકારનાં એક ''વિકલ્પ'' તરીકે સ્વૈચ્છિક સંગઠનો બહાર આવ્યા છે. સરકારની સાથે અને જરૂર પડ્યે સરકારની સામે થઈને પણ સ્વૈચ્છિક સંગઠનો સમાજનાં ''સમતોલ વિકાસ'' માટે હંમેશ પ્રયત્નશીલ રહ્યા છે. આઝાદી પછીનાં કહેવાતાં આયોજનબદ્ધ વિકાસનાં લીધે ગરીબી, બેરોજગારી, અસમાનતા, શોષણ અને પ્રદૂષણનાં પ્રશ્નો ઘણા જટીલ બન્યા. આ પરિસ્થિતિમાં સુધારણા અને બદલાવ લાવવા સ્વૈચ્છિક સંગઠનો વધુ અસરકારક બન્યા. જેનાં લીધે સ્વૈચ્છિક સંગઠનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આજે વિકાસનાં દરેક ક્ષેત્રોમાં સ્વૈચ્છિક સંગઠનોએ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. જરૂરિયાતમંદો અને લાભાર્થીઓ તરફથી મળતી સ્વીકૃતિએ આ ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓ અને સંસ્થાઓની સફળતા માટેનો સબળ પુરાવો છે.

સમાજમાં આ પ્રકારનું હકારાત્મક પરિવર્તન લાવવા મથતા લોકોએ ક્યારેય પોતાનાં અધિકારોનો વિચાર કર્યો છે ખરો? જેનો દેખીતો જવાબ છે નાઈ જેનાં લીધે લાંબા ગાળે કાર્યકરોમાં હતાશા અને નિરાશાની લાગણી ઉભી થાય છે. આ પાછળનાં કારણો બહુ દેખીતા છે.

(૧) પાયાનું કામ કરતા કાર્યકરોને સરકારે નક્કી કરેલ નિયમો મુજબનું ''લઘુત્તમ વેતન'' મળે છે ખરૂં?

(૨) સંસ્થાઓમાં કાર્યકરોની ભરતી અને બઢતી અંગેનાં કોઈ ચોક્કસ ધોરણો છે ખરાં?

(૩) સંસ્થાની ફરજમાંથી કાર્યકરોને મુક્ત કરવાની પદ્ધતિ યોગ્ય છે?

(૪) સ્વૈચ્છિક સંસ્થાઓમાં અનામત?

(૫) ઉચ્ચ હોદ્દાઓ પર દલિતો/વંચિતો કેટલા?

(૬) આ ક્ષેત્રમાં કાર્યરત મહિલાઓને પ્રસુતિ દરમ્યાન મળવાપાત્ર લાભો મળે છે ખરાં?

આ મુદ્દાઓ ઉદાહરણ પુરતા છે. આ સિવાયનાં અન્ય મુદ્દાઓથી આપ સૌ વાકેફ છો જ. આ મુદ્દાઓ વિશે હવે વિચારવાનો સમય પાકી ગયો છે. તો ચાલો ''જાગ્યા ત્યારથી સવાર'' અને ''કરીએ કંકુનાં આજથી''.

આપ શું માનો છો?

(૧) સ્વૈચ્છિક સંગઠનોનાં કાર્યકરોનું સંગઠન થવું જોઈએ?

(૨) અન્યાય સામે અવાજ કઈ રીતે ઉઠાવવો? તેની વ્યૂહરચના શું હોઈ શકે?

(૩) આપના સંપર્કમાં આ પ્રકારની વિચારસરણી ધરાવતા કેટલા કાર્યકર મિત્રો છે?

(૪) આપ શું યોગદાન આપી શકો? (કામ/જવાબદારીનાં સંદર્ભમાં)

(૫) આ અંગેની વિચાર-ગોષ્ટિ માટે ક્યારે મળી શકાય? આપનો અનુકૂળ તારીખ-સમય જણાવો.

આપનાં સૂચનો/અભિપ્રાયો વિકલ્પનાં સરનામે મોકલી શકો છો.